# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ અંતર્ગત રાજ્યમાં 99.76 ટકા કામગીરી પૂર્ણ.**
2. **અમદાવાદનો સુભાષબ્રિજ હજુ 15 ડિસેમ્બર સુધી બંધ રહેશે.**
3. **અમદવાદમાં દુષ્કર્મના આરોપીએ ભાગવાની કોશિષ કરતા પોલીસે પગમાં ગોળી મારી, આરોપીએ હુમલા કરતા કોન્સ્ટેબલ ઇજાગ્રસ્ત.**
4. **સુરતમાં એક જ દિવસમાં 4 બ્રેઈનડેડના અંગદાનથી કુલ 8 અંગોનું દાન મળ્યું.**
5. **સાનિયા મિર્ઝા અને રોહન બોપન્નાની ઉપસ્થિતીમાં આજથી અમદાવાદમાં ટેનિસ પ્રિમિયર લિગનો આરંભ.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SIR

મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ - **SIR**ના ગણતરીના તબક્કામાં રાજ્યમાં **99.76** ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રાજ્યભરમાં અંદાજે **5** કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ **74** લાખથી વધુ ગણતરી ફોર્મ્સ અનકલેક્ટેડ રહ્યાં છે. જ્યારે **33** જિલ્લાઓમાં **4.21** લાખથી વધુ સિનિયર સિટીઝન મતદારોની ઓળખ, **11.58** લાખથી વધુ ડેમોગ્રાફિકલી સિમિલર એન્ટ્રી - **DSE**ની ચકાસણી કરાશે.

આણંદ જિલ્લામાં મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ - **SIR** અંતર્ગત ડિઝીટાઈઝેશનની કામગીરી **100** ટકા પૂર્ણ કરવામાં આવી છે. જેમાં જિ લ્લાની તમામ **7** વિધાનસભા મતવિસ્તારમાંથી **15** લાખ **73** હજારથી વધુ મતદારોએ ફોર્મ પરત આપ્યા છે. **69** હજાર **500**થી વધુ મતદારો મૃત્યુ પામ્યા અને **9** હજાર **284** જેટલા મતદારોએ પોતાના ફોર્મ બીએલઓ ને પરત કર્યા નથી.

સુરતના કુલ **16** વિધાનસભા વિસ્તારમાં **SIR** ડિજીટાઈઝેશનની **100** ટકા પ્રક્રિયા પૂર્ણ થયું હોવાનું જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીએ જણાવ્યું હતું. જેમાં કુલ **35** લાખ **90** હજારથી વધુ મતદારોનું **EF** ડિજીટાઈઝેશન અને **12** લાખ **68** હજારથી વધુ મતદારોનું **ASD** તરીકે ડિજીટાઈઝેશન પૂર્ણ કરાયું છે.

રાજકોટ જિલ્લામાં પણ કુલ **20** લાખ **46** હજારથી વધુ મતદારોનું **EF** ડિજીટાઈઝેશન તથા **3** લાખ **44** થી વધુ મતદારોનું **ASD** તરીકે ડિજીટાઈઝેશન પૂર્ણ કરાયું છે.

તાપી જિલ્લામાં **SIR** ની કામગીરી **92** ટકા થી વધુ પૂર્ણ થઈ છે. સો ટકા કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થઈ કરાશે.

**(બાઇટ - નિશાંત કુગશીયા (નાયબ કલેક્ટર,તાપી)**

---

# SUBHASH BRIDGE UPDATE

અમદાવાદનો સુભાષબ્રિજ હજુ **15** ડિસેમ્બર સુધી બંધ રહેશે. બ્રિજ પર તિરાડ પડવાની ઘટના મામલે મહાનગરપાલિકાએ તપાસ શરૂ કરી છે. અલગ અલગ ત્રણ સંસ્થાઓ દ્વારા બ્રિજના ટેસ્ટિંગની કામગીરી કરવવામાં આવી રહી છે. વડોદરાની કંપની દ્વારા બ્રીજના તમામ થાંભલા અને સ્પાનના ઇન્ટીગ્રિટી ટેસ્ટ કરાશે. બે દિવસ બાદ બ્રિજનો અહેવાલ આપવામાં આવશે.

**SVNIT** સુરતની ટીમ નિરીક્ષણ અને પરીક્ષણ માટે આવશે. બે દિવસ બાદ **IIT** મુંબઈ અને **IIT** રૂડકીની ટીમ પણ તપાસ કરશે. એક અઠવાડિયા સુધી બ્રિજની તપાસની કામગીરી કરાશે. ઘટના પર ઉચ્ચ અધિકારીઓની પણ નજર છે ત્યારે સમગ્ર બાબતે રાજ્ય સરકાર નિર્ણય લેશે.

---

# AHMEDABAD CRIME BRACH FIRED

અમદાવાદમાં દિવ્યાંગ યુવતી ઉપર દુષ્કર્મ ગુજારવાના આરોપમા પકડાયેલા એક આરોપીએ ભાગવાની કોશિષ કરતાં અમદાવાદ ક્રાઇમ બ્રાંચના **P.I.** દ્વારા તેને ગોળી મારવામાં આવી હતી. ગોળી આરોપીના પગમાં વાગતા તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો.

ભાગવાના પ્રયાસ દરમિયાન આરોપીએ એક કોન્ટે તબલનેપણ ઘાયલ કર્યો હતો. તેમ અમદાવાદ ક્રાઇમ બ્રાંચના જોઇન્ટ પોલીસ કમિશનર શરદ સિંઘલે કહ્યુ હતું.

## બાઇટ- શરદ સિંઘલ, જેસીપી, ક્રાઇમ બ્રાંચ

---

## ADIVASI STUDENT SCHOLARSHIP NARESH PATEL

'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના' અંતર્ગત ગુજરાતમાં વર્ષ 2021 થી 2025 સુધી છેલ્લા પાંચ વર્ષમાં કુલ 11 લાખથી વધુ વિદ્યાર્થીઓને બે હજાર 470 કરોડથી વધુની શિષ્યવૃત્તિ સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

આ યોજના હેઠળ રાજ્યમાં ચાલુ વર્ષ 2025-26 માટે ઓનલાઈન પોર્ટલ પર મળેલી અરજીઓ તેમજ અગાઉની પડતર અરજીઓ પૈકી એક લાખ 13 હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓને 460 કરોડ રૂપિયાની સહાય આપવામાં આવશે. આ સહાય વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધા જમા કરવામાં આવશે.

આ શિષ્યવૃત્તિમાં ઉચ્ચ અભ્યાક્રમ હેઠળ મેડિકલ, પેરામેડિકલ, ઈજનેરી, સ્નાતક કક્ષામાં આર્ટસ, કોમર્સ તથા સાયન્સ તેમજ શિક્ષણ કક્ષાના **B.ed**. અને **M.ed.** જેવા મહત્વપૂર્ણ અભ્યાસક્રમનો સમાવેશ થતો હોવાનું આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું હતું.

## બાઇટ- નરેશ પટેલ, આદિજાતી વિકાસ મંત્રી

---

## JAMNAGAR HOME GUARD

હોમગાર્ડઝના જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો કરવાના રાજ્ય સરકારના નિર્ણય અંગે જામનગર જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટે ખુશી વ્યક્ત કરી છે. વયનિવૃત્તિ 58 વર્ષ કરાતા જામનગરના જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ

ગીરીશ સરવૈયાએ જણાવ્યું કે , રાજ્ય સરકારના આ નિર્ણયને કારણે હોમગાર્ડઝને લાભ મળશે.

તેમણે કહ્યું કે, હોમગાર્ડઝ પોલીસની કામગીરીની મદદ કરી રહ્યું છે, તે રાજ્ય સરકારના આ નિર્ણયને કારણે પોલીસના કાર્યને પણ બળ મળશે

## BYTE: ગીરીશભાઈ સરવૈયા

---

## WEATHER

રાજયમાં આગામી દિવસોમાં લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર જોવા મળશે નહીં. વાતાવરણ શુષ્ક રહેશે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આકાશ સ્વચ્છ રહેશે.

છેલ્લા **24** કલાકમાં અમદાવાદ અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન **15** સેલ્સિયસની આસપાસ નોંધાયું હોવાનું હવામાન વિભાગના વડા ડૉ. એ.કે. દાસે જણાવ્યુ હતું.

## (બાઈટ – ડૉ. એ.કે.દાસ)

---

## SURAT - ANGDAAN

સુરતમાં એક જ દિવસમાં ચાર બ્રેઈનડેડના અંગદાનથી કુલ **8** અંગોનું દાન થયું છે. જેમાં નવી સિવિલ હોસ્પિટલમાં એક , નાના વરાછાની **AAIHMS** હોસ્પિટલમાં બે, કતારગામની એક ખાનગી હોસ્પિટલમાં એક મળી ચાર બ્રેઈનડેડના અંગદાનનો

સમાવેશ થાય છે. અંગદાન થતા અંગોની જરૂરિયાત ધરાવતા લોકોને નવું જીવન મળશે.

---

## AMUL DAIRY CHAIRMENT ELECTION

આણંદ અમૂલ ડેરીના ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી 15મી ડિસેમ્બરને સોમવારના રોજ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાશે. અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણીના ત્રણ મહિના બાદ ચેરમેન અને વાઇસ ચેરમેનપદ માટે ચૂંટણીની જાહેરાત કરાઇ છે.

---

## CHILDREN UNI

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને વિદ્યાભારતી, ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય શિક્ષણ તથા સંશોધન પદ્ધતિઓ' પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. ભારતીય જ્ઞાન પરંપરા પર આધારિત આ રાષ્ટ્રીય પરિસંવાદની અધ્યક્ષતા ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણના માનનીય રાજ્યકક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગાએ કરી.

આજના શિક્ષણ જગતમાં ચાલી રહેલી ઝડપી ટેક્નોલોજીકલ ક્રાંતિ વિશેષ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા સાયન્સની વચ્ચે ભારતીય શિક્ષણ વ્યવસ્થાના મૂલ્યાંકનની જરૂરીયાત પર મંત્રી શ્રી છાગાએ ભાર મૂક્યો હતો. નવી શિક્ષણ નીતિના વિવિધ પાંસાઓની પણ આ કાર્યક્રમમાં ચર્ચા કરવામા આવી હતી.

---

# TENNIS PRIMER LEAGUE

આજથી અમદાવાદ ખાતે ટેનિસ પ્રીમિયર લીગનો પ્રારંભ થશે. આ ટેનિસ પ્રીમિયર લીગના પ્રારંભ પ્રસંગે ભારતી ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝા રોહન બોપન્નાની ઉપસ્થિતિમાં દેશ-વિદેશના ખેલાડીઓથી ભરેલી આઠ ટીમો વચ્ચે ટેનિસ પ્રીમિયર લીગ યોજાશે.

ગુજરાત યુનિવર્સિટી ટેનિસ એકેડેમી ગ્રાઉન્ડ ખાતે ગુજરાત પેન્થર્સ, ગુડગાંવ ગ્રાન્ડ, એસજી પાઇપર્સ, ચેન્નઈ સ્મેશર્સ, હૈદરાબાદ સ્ટ્રાઈકર્સ, રાજસ્થાન રેન્જર્સ, મુંબઈ ઇગલ, જીએસ દિલ્હી ટીમો ભાગ લઈ રહી છે.

આ ટીમમાં દેશ-વિદેશના ટોપ 50 ખેલાડીઓ પૈકીના જાણીતા ખેલાડીઓ પણ ભાગ લઈ રહ્યા છે. દેશ-વિદેશના નામી ખેલાડીઓ ઉપરાંત યુવા ખેલાડીઓ પોતાનું કૌશલ્ય દર્શાવશે.

---

# CRICKET IND VS-SA T20

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો આજથી પ્રારંભ થશે.

પહેલી મેચ ઓડિશાના કટકના બારાબતી સ્ટેડિયમમાં સાંજે 7 વાગ્યે રમાશે. દરમિયાન, કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું છે કે હાર્દિક પંડ્યા અને શુભમન ગિલ બંને ઈજા પછી શ્રેણીમાં પાછા ફરવા માટે તૈયાર છે.

શ્રેણીની બીજી મેચ ગુરુવારે ચંદીગઢના મુલ્લાનપુરમાં , ત્રીજી ધર્મશાળામાં , ચોથી લખનૌમાં અને અંતિમ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

---